જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૧/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૪૨૬ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૫૮/૧૭

**નરોડાઃ** દક્ષાબહેન જીતેન્દ્રસિહ ચાવડા (રહે.પ્રતિક ટેનામેન્ટ લવ એપાર્ટન્ટની સામે બાપુનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે દક્ષાબહેન નરોડા પાટીયા જવા માટે તા.૨૧/૧/૧૭ સાંજના ૫/૩૦ વાગે ઈન્દીરાબ્રીજથી રિક્ષામાં બેઠા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ અજાણી વ્યક્તિએ દક્ષાબહેનના પર્સમાંથી સોનાની મગમાળા કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.યાદવ ચલાવે છે.

## ગુંગળાઈ જતા મૃત્યુ :- સમાચાર યાદી નં.૧૫૯/૧૭

**રામોલઃ** બલીરામ મુન્નીલાલ પ્રજાપતિ (ઉ.વ.૨૮) (રહે. ખોડીયાર પાર્ક મહાકાળી વાસ વસ્ત્રાલ) ના ઘરમાં તા.૨૨/૧/૧૭ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે આગ લાગતા ગુંગળાઇ જવાથી મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભીખુભાઇ ભલાભાઇ ચલાવે છે.

## ગુમ થવા બાબતઃ સમાચાર યાદી નં.૧૬૦/૧૭

**નરોડાઃ** સોનલબહેન અજયસિહ ચુડાસમા (ઉ.વ.૨૬)(રહે.જયોતિ રેસીડન્સી નરોડા) તા.૧૬/૧/૧૭ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪)





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **રાણીપઃ** ઈલેશ હર્ષદભાઈ પટેલ (ઉ.વ.૨૮)(રહે.બિન્દુપાર્ક સોસાયટી કેશવનગર સુભાષબ્રીજ) તા.૧૦/૧/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગના પેન્ટ-શર્ટ પહેર્યા છે. ઉંચાઇ ૫ ફુટ ૭ ઈંચ છે. (રાણીપ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૨૯૧૦૦) |  |
| **રાણીપઃ** શ્યામલાલ હનુમાન યાદવ (ઉ.વ.૭૦)(રહે.પ્રેમદાસ મહારાજની ચાલી સુભાષબ્રીજ) તા.૩/૧/૧૭ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગની ચડ્ડી અને લાલ રંગનુ ચોકડીવાળુ શર્ટ પહેર્યુ છે. પગે લંગડાય છે અને મોઢાના ભાગે નાના ખીલ જેવા નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૨ ઈંચ છે. (રાણીપ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૨૯૧૦૦) |  |
| **દાણીલીમડાઃ** અનવરભાઈ સુબરાતીભાઈ અન્સારી (ઉ.વ.૪૫)(રહે.સમીનગર રહેમાની મસ્જીદ પાસે બોમ્બે હોટલ દાણીલીમડા) તા.૩/૧/૧૭ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. વાદળી રંગની લીટીવાળુ સફેદ રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે. (દાણીલીમડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૨૦૧૫૩) |  |
| **બાપુનગરઃ** દીલીપભાઈ બાબુભાઈ સાગર (ઉ.વ.૩૬)(રહે.પ્રતિક ટેનામેન્ટ અંબેમાના મંદિર સામે બાપુનગર) તા.૧/૧/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ અને ઉપર છીંકણી રંગનો કોટ પહેર્યો છે. ડાબા હાથ ઉપર ઓપરેશનનુ નિશાન છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |
| **ગોમતીપુરઃ** દેવકુમાર ઉર્ફે બીપીનભાઈ પરમાર (ઉ.વ.૩૮)(રહે.હીરાલાલની ચાલી કુડાવાળી લાઈન પાસે પોષ્ટ ઓફીસ ગોમતીપુર) તા.૪/૧/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનુ ટી-શર્ટ અને લાલ રંગનુ પેન્ટ પહેર્યુ છે.જમણા પગે અપંગ છે. ઉંચાઇ ૫ ફુટ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |
| **વટવાઃ** ખુશ્બુબહેન શંકરભાઈ ખટીક (ઉ.વ.૧૯)(રહે.ઘરવિહોણા પ્લોટ જગદીશનગર સોસાયટીની બાજુમાં યશ બંગલોઝની બાજુમાં નવા ઘોડાસર) તા.૬/૧/૧૭ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી દુધ લેવા જવાનુ કહી નિકળ્યા બાદ પરત ફર્યા નથી. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટોપ અને કાળા-સફેદ ટપકાવાળી લેગીઝ પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)